**PAVAN EXPRESS WEEKLY** R.N.I. NO. : GUJGUJ/2021/82864

પવનવેગે પ્રસરતા સમાચાર
પાલનપુરથી દર મંગળવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

# પવન એક્સપ્રેસ

Owner, Publisher, Printer, and Editor : PRAJAPATI PRAVINBHAI RAMCHANDBHAI - Mo.9998579515 Email : pavanexpress2021@gmail.com સાપ્તાહિક

વર્ષ : ૦૪ ♦ અંક : ૦૭ ♦ તા.૦૭-૦૫-૨૦૨૪ ♦ મંગળવાર ♦ કિંમત રૂા. ૨ ♦ પાના : ૪ ♦ વાર્ષિક લવાજમ કિ.રૂ. ૨૦૦

VOLUME : 04 ♦ ISSUE : 07 ♦ DATE: 07 -05-2024 TUESDAY ♦ PRICE RS.2/- ♦ PAGE:4 ♦ ANNUAL SUBSCRIPTION : 200/- ♦ PUBLISHED ON EVERY TUESDAY FROM PALANPUR


# જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી વરુણકુમાર બરનવાલે "RUN FOR VOTE" મેરેથોનને પ્રસ્થાન કરાવ્યું




(માહિતી બ્યુરો,પાલનપુર) બનાસકાંઠા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી વરુણકુમાર બરનવાલની અધ્યક્ષતામાં લોકસભા સામાન્ય ચુંટણી -૨૦૨૪ મતદાન જાગૃત્તિ અંતર્ગત **"RUN FOR VOTE"** કાર્યક્રમ યોજાયો. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી વરુણકુમાર બરનવાલે પોલીસ પરેડ ગ્રાઉન્ડ પાલનપુર ખાતેથી લીલીઝંડી આપી રન ફોર વોટ મેરેથોનને પ્રસ્થાન કરાવ્યું હતું અને સાતમી મે ના રોજ મતદાનના દિવસે જિલ્લાવાસીઓને બહોળી સંખ્યામાં મતદાન કરવા અપીલ કરી હતી.**"RUN FOR VOTE"** કાર્યક્રમમાં ટીપ નોડલ અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી એમ.જે.દવે, આઈ.એ.એસ. અધિકારીશ્રી સ્વપ્નિલ શિશલે, જિલ્લા સ્વીપ નોડલ અધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી વી.એમ.પટેલ, જિલ્લા રમત ગમત અધિકારીશ્રી એમ.એમ.પટેલ સહિતના અધિકારીશ્રીઓ પણ મેરેથોનમાં જોડાયા હતા અને લોકોને અવશ્ય મતદાન કરવા અપીલ કરી હતી.**"RUN FOR VOTE"** (મતદાન માટે જાગૃતિ દોડ) ગઠામણ ગેટ, ગુરુનાનક ચોક થઈ કલેકટર કચેરીએ સંપન્ન થઈ હતી.જેમાં પ્રાથમિક શાળાના શિક્ષકો, સ્પેશિયલ એજયુકેટર શિક્ષકો, સી.બી.ગાંધી પાલનપુરના બાળકો, વિમળા વિદ્યાલય, ગઢના બાળકો તેમજ રમત ગમત વિભાગના સ્કાઉટના બાળકો સહિત જિલ્લા પંચાયતના કર્મચારીઓ સહભાગી બન્યા હતા. જેમાં મતદારોને અચૂક મતદાન કરવા માટે અપીલ કરવામાં આવી. સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન જિલ્લા પ્રાથમિક શિક્ષણ કચેરી અને જિલ્લા રમત ગમત કચેરી દ્વારા કરવામાં આવ્યું.

## સાતમી તારીખે બહોળી સંખ્યામાં મતદાન કરવા જિલ્લાવાસીઓને અપીલ કરતા ચૂંટણી અધિકારીશ્રી વરુણકુમાર બરનવાલ






### જય ભવાની ભાજપ જવાની નારાથી વડગામ ગુંજી ઉઠ્યું

# વડગામ ખાતે ક્ષત્રિય સમાજનુ મહાસંમેલન યોજાયું

વડગામ,વડગામ ખાતે ક્ષત્રિય સમાજ નું મહાસંમેલન યોજાયું હતું. જેમાં વિધાર્થી યુવા નેતા યુવરાજસિંહ જાડેજા હરપાલસિંહ ચુડાસમા ઈન્દ્રસિંહ વાઘેલા સિદ્ધરાજ સિહ ચૌહાણ સહિત વડગામ ખાતે ક્ષત્રિય મહા સંમેલનમાં ઉપસ્થિત રહ્યા હતા. વિધાર્થીઓ યુવા નેતા યુવરાજસિંહ એ ગર્જના કરતાં કહ્યુ કે આપણી બેન દિકરીઓ સામે અભદ્ર ટીપણી કરનાર પુરષોત્તમ રૂપાલા એ પહેલાં ઘા આપણા ઉપર કર્યો છે.હવે સમય આવી ગયો છે.કે આપમણે સૌ સાત તારીખના છેલ્લો ઘા કરીને પુરષોતમ રૂપાલા અને ભાજપ સરકાર ને બતાવી દેવાનું છે.ક્ષત્રિઓ ની શું તાકાત



છે.હવે ભાજપ સરકાર ના મુળીયા ઉખાડી ફેંકવાનો વારો આવ્યો છે.પેપર ફોડનારી ભાજપ સરકારને હવે બતાવી દેવાનું છે.આપણે સૌએ ભાજપ વિરોધી મતદાન કરવાની અપીલ કરવા આવ્યા છીએ. ક્ષત્રિય સમાજ સહિતના લોકોને કોંગ્રેસમાં મત આપી ભાજપને પાઠ ભણાવવા અપીલ કરી હતી. પરસોત્તમ રૂપાલાની અભદ્ર ટીપ્પણી લ?ઈ ભારત દેશમા ઠેરઠેર ક્ષત્રિય સમાજ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યા છે ત્યારે વડગામ ખાતે મહા ક્ષત્રિય સંમેલન યોજાયું હતું મોટીસંખ્યામાં ક્ષત્રિય સમાજ ની બહેનો યુવાનો અને અઠારે વરણ ના લોકો મહા સંમેલનમા હાજર રહ્યા હતા અને ભાજપ વિરોધી મતદાન કરવાની સોગંદ લીધા હતાં.

પાટણ લોકસભાના ઉમેદવાર ચંદનજી ઠાકોર ને જંગી બહુમતીથી જીતાડવા ની ખાતરી અને વિજય ની પાગડી પહેરાવશે એવી ક્ષત્રિય સમાજ દ્વારા અઢારે વરણને અપીલ કરવામાં આવી હતી.




## તંત્રી સ્થાનેથી....

# સુપ્રીમ કોર્ટે કેન્દ્રને બીએનએસ ની કલમ ૮૫ અને ૮૬ માં જરૂરી ફેરફારો કરવા પર વિચારણા કરવા જણાવ્યું



નવી દિલ્હી,

દેશની સર્વોચ અદાલતે કેન્દ્ર સરકારને ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ) ની કલમ ૮૫ અને ૮૬ માં જરૂરી ફેરફારો કરવા પર વિચારણા કરવા જણાવ્યું હતું. ભારતીય ન્યાય સંહિતાની કલમ ૮૫માં કહેવામાં આવ્યું છે કે 'જો કોઈ મહિલાનો પતિ અથવા તેના પતિનો સંબંધી તે મહિલા સાથે ક્રૂરતા કરે તો તેને ૩ વર્ષની જેલની સજા થશે. આ ઉપરાંત તેને દંડ પણ ભરવો પડી શકે છે.ભારતીય ન્યાય સંહિતાની કલમ ૮૬માં 'ક્રૂરતા'ની વ્યાખ્યામાં સ્ત્રીને માનસિક અને શારીરિક બંને રીતે નુકસાન પહોંચાડવાનો સમાવેશ થાય છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે તેણે ૧૪ વર્ષ પહેલા કેન્દ્ર સરકારને દહેજ વિરોધી કાયદા પર ફરીથી વિચારણા કરવા કહ્યું હતું કારણ કે મોટી સંખ્યામાં નોંધાયેલી ફરિયાદોમાં આ ઘટનાને અતિશયોક્તિપૂર્ણ રીતે બતાવવામાં આવી છે.વાસ્તવમાં એક મહિલા દ્વારા પતિ વિરુદ્ધ દાખલ કરેલી દહેજ-ઉત્પીડન મામલાને રદ કરતા સમયે સુપ્રીમ કોર્ટે આ ટિપ્પણી કરી હતી. જ્યારે પીડિત મહિલા દ્વારા દાખલ કરવામાં આવેલી એફઆઈઆર અનુસાર, પુરુષ અને તેના પરિવારના સભ્યોએ કથિત રીતે દહેજની માંગ કરી અને તેને શારિરીક અને માનસિક ત્રાસ આપ્યો હતો. એફઆઈઆરમાં જણાવાયું છે કે મહિલાના પરિવારે તેના લગ્ન સમયે મોટી રકમ ખર્ચી હતી અને તેનું 'સ્ત્રીધન' પણ પતિ અને તેના પરિવારને સોંપ્યું હતું. જોકે, લગ્નના થોડા સમય બાદ પતિ અને તેના પરિવારજનોએ તેને ખોટા બહાને હેરાન કરવાનું શરૂ કર્યું હતું. બેન્ચે કહ્યું કે એફઆઈઆર અને ચાર્જશીટનું વાંચન કર્યા બાદ જાણવા મળે છે કે મહિલા દ્વારા લગાવવામાં આવેલા આરોપો ખૂબ જ અસ્પષ્ટ, સામાન્ય અને વ્યાપક છે, જેમાં ગુનાહિત વર્તનનું કોઈ ઉદાહરણ આપવામાં આવ્યું નથી. જો કે, સુપ્રીમ કોર્ટે રજિસ્ટ્રીને આ દરેક ચુકાદાની નકલ કેન્દ્રીય કાયદા અને ગૃહ સચિવો, કેન્દ્ર સરકારને મોકલવાનો નિર્દેશ આપ્યો હતો, જેઓ તેને કાયદા અને ન્યાય પ્રધાન તેમજ ગૃહ પ્રધાન સમક્ષ મૂકી શકે છે.આ કેસમાં સુપ્રીમ કોર્ટમાં જસ્ટિસ જે.બી.પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેન્ચે સુનાવણી કરી હતી. બેન્ચે કહ્યું કે તે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની ક્રમશઃ કલમ ૮૫ અને ૮૬ પર ધ્યાન આપશે જેથી એ જાણી શકાય કે શું સંસદે સુપ્રીમ કોર્ટના સૂચનને ગંભીરતાથી લીધું છે કે નહીં. કારણ કે ભારતીય ન્યાય સંહિતા ૧ જૂલાઈથી લાગુ થવાની છે.

**પવન એક્સપ્રેસ સાપ્તાહિક**

માલિક, મુદ્રક અને પ્રકાશક પ્રજાપતિ પ્રવિણભાઈ રામચંદભાઈ દ્વારા મુદ્રણ સ્થાનઃ જય મહાકાલી મલ્ટી કલર ઓફસેટ પ્રીન્ટીંગ પ્રેસ, શીવકુંજ બીલ્ડીંગ, ઈન્ડીયન ગેસ ઓફીસની પાછળ, ઢુંઢીયાવાડી, પાલનપુર, જિ.બનાસકાંઠા ખાતેથી મુદ્રિત અને દેવપવન સ્ટુડીયો, જુના ટેલીફોન એક્સચેન્જ, પાલનપુરથી પ્રકાશિત થનાર "પવન એક્સપ્રેસ" સાપ્તાહિક

**તંત્રીઃ પ્રજાપતિ પ્રવિણભાઇ રામચંદભાઇ**

(સમાચાર પસંદગી માટે પી.આર.બી. એક્ટ હેઠળ જવાબદાર) પવન એક્સપ્રેસ સાપ્તાહિકમાં પ્રસિદ્ધ થતાં તમામ સમાચાર કોઈપણ જાતના પૂર્વગ્રહ કે દ્વેશભાવના વગર જ જનહિતમાં પ્રગટ કરવામાં આવે છે. કોઈને પણ અન્યાય થયો હોય તેવું લાગે તો દિવસ-૭માં લેખિત ધ્યાન દોરવા અનુરોધ છે. જેથી યોગ્ય કાર્યવાહી કરી શકાય. કોઈપણ જાતના વાદવિવાદ, હિસાબ બાબતે જાહેર ખબર તકરાર કે કાનુની ગુંચ માટેનું ન્યાયક્ષેત્ર પાલનપુર રહેશે.


હેડ ઓફીસ

દેવપવન સ્ટુડીયો, જુના ટેલીફોન એક્સચેન્જ, એક્સીસ બેન્ક એટીએમ પાલનપુર, બનાસકાંઠા, ગુજરાત.

# થરા જે.વી.શાહ રેફરલ હોસ્પિટલ માં લેફ્ટ ઓવિરિયન માસ (ગાંઠ)નું સફળ ઓપરેશન કરવામાં આવ્યું

શ્રી જે.વી.શાહ.રેફરલ હોસ્પિટલ ના અધિક્ષક ડો.ભરત ચૌધરી ભગવાનનું બીજુસ્વરૂપ કહેવાય.....શ્રવણજી ઠાકોર થરા.





કાંકરેજ તાલુકાના વહેપારી મથક થરા ખાતે આવેલ શ્રી જે.વી.શાહ રેફરલહોસ્પિટલ કે જે તેની ગુણવત્તા સભર સેવાઓ માટે આખા પંથકમાં જાણતી છે.જેમાં અધિક્ષક ડૉ.ભરત ચૌધરી, ડૉ. અંસારી, ડો.અશોક ગૌસ્વામી, ડૉ.વિનય ત્રિવેદી સહિત તેમની ટીમ ખડે પગે રહી દરરોજની લગભગ ૨૬૦ દર્દીઓની તપાસ કરી સેવા કરી રહ્યા છે.જો કોઈ દર્દીને ઓપરેશનની જરૂર જણાય તો મંગળવાર તથા શુક્રવારના રોજ ઓપરેશ કરી દર્દીઓને તથા પરિવારને રાહત આપે છે.ત્યારે અધિક્ષક ડૉ.ભરત ચૌધરી, આસિસ્ટન્ટ ડૉ.વિનય ત્રિવેદી, ડો.અંસારી,સ્ટાફ નર્સ આરાધના ચૌહાણે કાંકરેજ તાલુકાના વડા ના તારોડીયા શારદાબેન રામાજી (ઠાકોર) ઉ.વર્ષ આ.૫૫ ના ડાબી બાજુના અંડાશયની ૧.૫ કી.ગ્રામ ની ૨૩૮૨૦૮૮ સે.મી.ગાંઠ (લેફ્ટ ઓવેરિયન માસ) નું સફળ ઓપરેશન કરી બાયોપ્સી રીપોર્ટ માટે અમદાવાદ મોકલવામાં આવી હતી. આ અંગે દર્દીના સાગાએ જણાવ્યું હતું કે મારી માને પેટમાં દુખાવો થતા રેફરલ હોસ્પિટલ થરા ખાતે ડો.ભરતભાઈ સર્જન પાસે સારવાર અર્થે લાવતા દર્દીને સોનોગ્રાફી કરતા જાણવા મળ્યું કે પેઢુંના ભાગમાં મોટી ગાંઠ છે.જેનું સિટીસ્કેન કરતા ખબર પડી કે ડાબી બાજુના અંડાશયનું કેન્સર છે.જે આંતરડા સાથે ચોંટી ગયેલ છે.જેથી દર્દીને તા.૦૨/૦૫/૨૦૨૪ ના રોજ દાખલ કરી જરૂરી લેબોરેટરી ટેસ્ટ કરી આજરોજ તા.૦૩/૦૫/૨૦૨૪ ને શુક્રવારના રોજ સવારે ઓપરેશન કરવામાં આવેલ જેમાં ઓપરેશન થી આંતરડા છુટા પાડી સફળ રીતે ઓપરેશન કરેલ જે ગાંઠ અંડાશયના કેન્સરની ગાંઠ છે.

જેનું વજન ૧કિલો ૫૦૦ ગ્રામની ગાંઠનું એક પણ પૈસાના ખર્ચ વગર સફળ ઓપરેશન કરતા અમોએ રાહત અનુભવી ડો.ભરતભાઈ ચૌધરી,પ્યુન ઉંમર પીલુડિયા, લીલાબેન મકવાણા,મહેશ મેમદાવાદીયા સહિતની ટીમનો જેટલો આભાર વ્યક્ત કરીએ તેટલો ઓછો છે. નટવર.કે.પ્રજાપતિ,થરા મો.૯૯૭૯૫ ૨૧૫૩૦

### ભાગવત કથાકાર મા અંબાના શરણે

# ગુજરાતના જાણીતા ભુપેન્દ્રભાઈ પંડ્યાએ અંબાજી મંદિરમાં દર્શન કર્યા



શક્તિ,ભક્તિ અને આસ્થાનો ત્રિવેણી સંગમ એટલે જગવિખ્યાત યાત્રાધામ અંબાજી ગુજરાત અને રાજસ્થાનની સરહદ ઉપર આવેલું છે. અંબાજી દેશના ૫૧ શક્તિપીઠમાં શક્તિપીઠ તરીકે ઓળખાય છે. અંબાજી મંદિર ઉપર નાના-મોટા ૩૫૮ સુવર્ણ કળશ લાગેલા છે. એટલે આ મંદિર ગોલ્ડન ટેમ્પલ તરીકે પણ ઓળખાય છે. અંબાજી મંદિરમાં માતાજીના ભક્તોની સાથે સાથે વીઆઈપી લોકો પણ દર્શન કરવા આવતા હોય છે. ત્યારે અંબાજી મંદિરમાં ગઈ રાત્રે ગુજરાતના જાણીતા પૂજ્ય શ્રી ભુપેન્દ્રભાઈ પંડ્યા ભાગવત કથાકાર અંબાજી મંદિરમાં દર્શન કર્યા હતા. ભુપેન્દ્રભાઈ પંડ્યા ગુજરાતમાં અને ગુજરાત બહાર અને વિદેશમાં ભાગવત કથા માટે જાણીતા છે.ગઈ રાત્રે ૮:૩૦ વાગ્યે તેઓ અમદાવાદથી અંબાજી મંદિર ખાતે પહોંચ્યા હતા. અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

અંબાજી મંદિરમાં તેમને સિદ્ધિવિનાયક મંદિર, અંબિકેશ્વર મહાદેવ, બટુકભૈરવ,બહુચર માતાજી ચલયંત્રના દર્શન કર્યા હતા. અંબાજી મંદિરના મહારાજ દ્વારા તેમને આશીર્વાદરૂપે ચુંદડી આપવામાં આવી હતી. અંબાજી મંદિરના દર્શન કર્યા બાદ તેઓ માતાજીની ગાદી પર જઈને ભટ્ટજી મહારાજના આશીર્વાદ લીધા હતા. અંબાજી મંદિરના ચાચર ચોકમાં તેમને માતાજીની આરાધના કરી હતી અને વિશ્વના સૌથી મોટા શ્રી યંત્રના દર્શન પણ કર્યા હતા. ત્યાર બાદ તેઓ અમદાવાદ માટે રવાના થયા હતા.ભુપેન્દ્રભાઈ શાસ્ત્રી ગુજરાતમાં જાણીતા ભાગવત કથાકાર તરીકે ઓળખ ધરાવે છે. સરળ અને સૌમ્ય સ્વભાવના ગુરુજીની કથામાં મોટી સંખ્યામાં ભક્તો આવતા હોય છે. અત્યાર સુધીમાં તેમને ઘણી બધી ભાગવત કથા કરી છે અને ગુજરાત અને દેશમાં ભક્તિનો પ્રચાર કર્યો છે. અંબાજીના ધર્મેન્દ્રસિંહ રાજપૂત પણ તેમની સાથે જોડાયા હતા.

# આખરે સોનબાગ માર્ગ પર સાત ફૂટ નીચે લીકેજ પાઇપલાઇન રિપેર કરાઈ



પાલનપુર મીરા ગેટ નજીક ગણેશપુરા જવાના માર્ગ પર પાછલા કેટલાય દિવસોથી રોડ ઉપર પાણી લીકેજના લીધે હજારો લેટર પાણી વેડફાતું હતું દરમિયાન પાણી પુરવઠા વિભાગની ટીમ દ્વારા બે ત્રણ દિવસથી લીકેજ શોધ્યા બાદ હવે નવી પાઈપનો ટુકડો સાંધી રીપેર કામગીરી હાથ ધરી છે. પાણી પુરવઠા શાખાના કર્મીઓએ જણાવ્યું કેસાત ફૂટ નીચે પાણીની પાઈપ રીપેરીંગ કરવામાં આવી રહ્યું છે. કામગીરી પૂરી કરી ખાડો પૂરી દેવાશે.

# અંબાજી ખાતે કોંગ્રેસની જાહેર સભા,ભાજપ ભગાવો અને દેશ બચાવો સહિત વિવિધ મુદ્દે પ્રહારો કરતા નેતાઓ



હાલમાં દેશમાં ચુંટણીઓ ચાલી રહી છે, બે તબક્કામાં ચૂંટણી પુર્ણ થઈ ગઈ છે,ત્યારે ત્રીજા તબકકામાં ચૂંટણીઓ આવનારી ૭ મે ના રોજ યોજાનાર છે.સમગ્ર ગુજરાતમાં જે સીટ પર સૌથી વધુ જેની નજર છે તે બનાસકાંઠા સીટ પર ૨ મહીલા ઉમેદવારના પ્રચાર કરવા માટે પીએમ મોદી આજે ડીસા ખાતે આવ્યા છે, જયારે ૩ મે ના રોજ પ્રિયંકા ગાંધી પણ લાખણી ખાતે ચૂંટણી પ્રચાર કરવા આવનાર છે ત્યારે શક્તિપીઠ અંબાજી ખાતે આજે કોંગ્રેસની જાહેર સભા યોજાઈ હતી.જેમાં દાંતા કોંગ્રેસ ધારાસભ્ય કાંતી ખરાડી, સિરોહીના પુર્વ ધારાસભ્ય સંયમ લોઢા, ગુજરાત કોંગ્રેસના પ્રવક્તા હેમાંગ રાવલ, મુકેશ પંચાલ, બળદેવજી ઠાકોર અને હાથ સે હાથ જોડોના ઈન્દ્રનીલ રાજયગુરૂ સહિત મોટી સંખ્યામાં નેતાઓ, કાર્યકર્તાઓ અને લોકો હાજર રહ્યા હતા. બનાસકાંઠા જિલ્લાના ૧૪ તાલુકામાં મોટી સંખ્યામાં કોંગ્રેસ પાર્ટી ને વોટ મળે તે માટે કોંગ્રેસ પાર્ટી દ્વારા મહેનત શરૂ કરાઈ છે અને દરેક તાલુકામા સભા, સ્નેહ મિલન કાર્યકર્મ યોજીને ગેનીબેન ઠાકોરને વોટ આપવા માટે નેતાઓ કહી રહ્યા છે. બનાસ બેંક, બનાસ ડેરી દ્વારા ભાજપ તરફી વોટ આપવા માટે જે પ્રચાર કરાઈ રહ્યો છે તે માટે કોંગ્રેસ પાર્ટી લોકોને ભ્રમિત નહી થઈને સાચી હકીકત જણાવી રહી છે. આજે વિવિધ નેતાઓએ ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા અને ભાજપ ભગાવો દેશ બચાવો ના નારા લાગ્યા હતા. દેશમાં કોંગ્રેસ ની સરકાર આવશે તો મહિલાઓ સહિત ખેડૂતો વેપારી વર્ગ માટે પ્રજાપ્રિય નિર્ણય કરાશે.દાંતા તાલુકામાં કોંગ્રેસ પાર્ટી વર્ષોથી મજબૂત છે ત્યારે હવે જોવાનું એ રહેશે કે ૨૦૨૪ મા કોંગ્રેસ પાર્ટી કેવું પરફોર્મન્સ કરશે. ગુજરાત કરતા રાજસ્થાન મા પેટ્રોલ ડીઝલ મોઘું હોઈ કોંગ્રેસ પાર્ટીના હાથ થી હાથ જોડોનાં કનવીનર ઈન્દ્રનીલ રાજ્યગુરૂ એ ભાજપ સરકાર પર પ્રહારો કર્યા હતા અને કહ્યુ હતુ કે આજે પીએમ ફરી ૨ વખત જૂઠ બોલવા માટે ગુજરાત આવી રહ્યા છે.

# પાલનપુરમાં કચરાની ગાડીમાં કવર એટલું ઊંચું કે કચરો નાખવામાં લોકોને મુશ્કેલી



ડોર ટુ ડોર કચરાની ગાડીઓમાં સ્ટાફ ઘટતા મુશ્કેલીઓ વધી લોકોએ કહ્યું ઘણી વખત કચરો નાખવા જતી વખતે ડસ્ટબીનમાંથી અડધો કચરો નીચે પડે છેપાલનપુરમાં ડોર ટુ ડોર કચરો ઉઘરાવતી ખાનગી એજન્સી દ્વારા હાલમાં ૧૫ થી ૧૬ વાહનો દ્વારા જુદા જુદા વિસ્તારમાં કચરો લેવા માટે વાહનો જઈ રહ્યા છે જેમાં જુદા જુદા વિસ્તારમાંથી જુદી જુદી ફરિયાદો સામે આવી રહી છે. જેમાં અગાઉ ગાડીની ઉપર બે મજૂરો હતા અને એક મજૂર કચરો લેવા મકાન સુધી જતો હતો હવે એક જ મજૂર છે જે ગાડીની ઉપર બેસી રહે છે. સૌથી મોટી ગંભીર સમસ્યા એ છે કે કચરો જ્યાં નાખવામાં આવે છે તે પતરાની હાઈટ વધારવામાં આવી છે જેથી રહીશોને અંદર કચરો નાખવામાં મુશ્કેલી પડી રહી છે. ઘણી વખત તો કચરો નાખવા જતી વખતે ડસ્ટબીનમાંથી અડધો કચરો નીચે પડી જાય છે.

# વડાલીમાં ઓનલાઇન પાર્સલ બ્લાસ્ટ ૨ નાં મોત, અજાણ્યા પાર્સલમાં થયોબ્લાસ્ટ,સાવધાન ઓનલાઇન પાર્સલ મંગાવનાર



આજકાલ લોકો દરેક વસ્તુ ઓનલાઈન મંગાવતા હોય છે. ત્યારે જો તમે ઓનલાઈન પાર્સલ મંગાવ્યું હોય તો સાવધાન થઈ જજો. કારણ કે, ઓનલાઈન મંગાવેલા પાર્સલ જીવલેણ સાબિત થઈ શકે છે. સાબરકાંઠાના વડાલી વેડામાં એક ઘરમાં આવેલા પાર્સલમાં મોટો બ્લાસ્ટ થયો હતો. ઓનલાઈન મંગાવેલ પાર્સલમાં બ્લાસ્ટ થયો હતો. આ બ્લાસ્ટમાં બે લોકોના મૃત્યુ થયા છે. તો વ્યકતિ ઈજાગ્રસ્ત થઈ છે. સાબરકાંઠાના વડાલી વેડામાં એક પરિવારે ઓનલાઈન પાર્સલ મંગાવ્યું હતું. તેઓએ ઓનલાઈન પાર્સલમાં એકવસ્તુ મંગાવી હતી. જેમાં પાર્સલ ખોલતાની સાથે જ ઘરમાં મોટો બ્લાસ્ટ થયો હતો. બ્લાસ્ટમાં ત્રણ લોકો ગંભીર રીતે દાઝી ગયા હતા, જેઓને તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન બે લોકોના મોત નિપજ્યા છે. તો એક વ્યક્તિ ઈજાગ્રસ્ત થઈ છેહાલ આ ઘટનાથી પોલીસ દોડતી થઈ છે. હાલ આ પાર્સલ કોણે મોકલ્યું હતું, કઈ વસ્તુનો ઓર્ડર આપ્યો હતો, અને પાર્સલમાં એવુ તો શુ છે કે બ્લાસ્ટ થતો તે કારણો જાણવા તપાસ શરૂ કરી છે.

# અંબાજીમાં યોજાશે ફ્રી મેગા મેડિકલ કેમ્પ,એમ્બ્યુલન્સનું પણ લોકાર્પણ કરાશે



અંબાજી સહીત દાંતા તાલુકા ના ૧૮૬ ગામડાઓ માં મહત્તમ ગરીબ આદિવાસી અને ભોળી પ્રજા વસવાટ કરે છે ત્યારે તેમની આરોગ્ય સુખાકારી ની નિઃશુલ્ક ચિંતા કરી યાત્રાધામ અંબાજી ખાતે આગામી ૮ મે ૨૦૨૪ બુધવાર ના રોજ ફ્રી મેગા ચેકઅપ કેમ્પ નું આયોજન અંબાજીની શ્રી શકિત સેવા કેન્દ્ર ના સંચાલક ઉષાબેન અગ્રવાલ આ મહા મેડિકલ કેમ્પ નું આયોજન હાથ ધરવામાં આવ્યું છે આ મેડિકલ કેમ્પ માં અમદાવાદ ની કર્ણાવતી ડેન્ટલ હોસ્પિટલ,રાજસ્થાન હોસ્પિટલ તેમજ અન્ય મોટી હોસ્પિટલો માં નિષ્ણાત તબીબો ૮ મેં ના રોજ કાલિદાસ મિસ્ત્રી ભવન અંબાજી ખાતે પોતાની નિઃશુલ્ક સેવાઓ આપશે એટલુંજ નહિ વિવિધ રોગ ના નિદાન સાથે જરૂરિયાત મંદો ને દવાઓ પણ નિઃશુલ્ક આપવાનો આયોજન હાથ ધરવામાં આવ્યું છે .

દાંતા તાલુકા ના અંતરિયાળ અને પહાડી વિસ્તાર માં વસતા આદિવાસી સમુદાય ની આરોગ્ય સુખાકારી ની સાર સંભાળ માટે નિઃશુલ્ક સેવા તેમને ઘર આંગણે મળી રહે તે માટે આ કેમ્પ દરમિયાન મેડિકલ મોબાઈલ એમ્બ્યુલન્સ વાન નું પણ લોકાર્પણ કરવામાં આવશે જે મોબાઈલ વાન (એમ્બ્યુલન્સ ) ડોર સ્ટેપ હેલ્થ કેર નિશુલ્ક સેવાઓ આપશે તેમ અંબાજી શ્રી શકિત સેવા કેન્દ્ર ના સંચાલક ઉષાબેન અગ્રવાલે જણાવ્યું હતું આ નિઃશુલ્ક મહા મેડિકલ કેમ્પ ૮ મેં બુધવાર ના રોજ સવારે નવ વાગ્યા સાંજ ના સાત વાગ્યાં સુધી દાંતા રોડ ઉપર કાલિદાસ મિસ્ત્રી ભવન ખાતે યોજાશે .આ મેગા કેમ્પ માં જરૂરિયાતમંદ દર્દીઓ વધુનેવધુ સંખ્યા માં લાભ લે તેવો અનુરોધ પણ કરવામાં આવ્યો છે

# બનાસકાંઠા શ્રમયોગીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે મતદાન દિને સવેતન રજા

બનાસકાંઠા જીલ્લા મદદનીશ શ્રમ આયુકતએજણાવ્યુછેકે, લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત આગામી તા. ૦૭ મે મંગળવારના રોજ ૦૨ બનાસકાંઠા સંસદીય મત વિભાગમાં મતદાન યોજાનાર છે. શ્રમયોગીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે મતદાન દિને મતદાન માટે સવેતન રજા આપવા જાહેર કરવામાં આવેછે.જે અંતર્ગત જે તે વિસ્તારના સંસ્થાઓમાં કામ કરતાંશ્રમયોગીઓ/ કર્મચારીઓપોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટસ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કંડીશન ઓફ સર્વિસ ) એક્ટ-૨૦૧૯ હેઠળ આપવાની અઠવાડિક રજા જો મતદાનના દિવસે ન હોય તો અઠવાડિક રજા બદલી કરીને દુકાન અથવા સંસ્થામાં નોકરી કરતાં દરેક વ્યક્તિની મતદાનના દિવસે રજા મંજૂર કરવાની રહેશે. શ્રમયોગી / કર્મચારીના પગારમાંથી કોઇ કપાત કરવાની રહેશેનહી. જો કોઇ માલિક લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫-બીની જોગવાઇ વિરૂધ્ધનું વર્તન કરશે તો દંડ અને શિક્ષાને પાત્ર રહેશે.

### એક ચિત્રકાર નું દોરેલું ચિત્ર પેઇન્ટિંગ દિવાલો ઉપર હસતા દેખાય છે. જે જોઈને ખૂબ જ આનંદ આવે છે

# ચિત્રકાર;ઋતિક સુથારે દોરેલું માન્ય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબ સાથે માતૃશ્રી હીરાબાનું ચિત્ર લોકોમા આકર્ષક બન્યું



કહેવાય છે કે કોઈપણ કલાના માધ્યમથી તે કલા મા ખૂબ જ રસ અને આનંદ હોય તો તે આપણને ખૂબ જ ગમે છે એ જ રીતે ઋતિક વિજયભાઈ સુથાર (એમ .એ. પરીખ ફાઈન આર્ટ્સ કોલેજ પાલનપુર )જે વિદ્યાર્થીઓએ આજરોજ બનાસકાંઠાના ભારતીય જનતા પાર્ટીના લોકસભાના લોકલાડીલા ઉમેદવાર ડોક્ટર રેખાબેન ચૌધરી જાહેર સભાનું આયોજન ડીસા ખાતે આયોજન કરવામાં આવ્યું. જે કાર્યક્રમમાં ભારતના યશસ્વી લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી જાહેર સભાને સંબોધવા માટે આવેલા. જે સંદર્ભે ચિત્રકાર ઋતિક સુથારે માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબ તથા માતૃશ્રી હીરાબા સાથેનું સુંદર પોતાની આગવી સૃષ્ટિ ચિત્ર તૈયાર કરી આવેલ તેમજ કાર્યક્રમની અંદર આવેલા પરિવારના મિત્રોએ સાથે મોબાઈલમાં ફોટો લઈને આનંદની લાગણી અનુભવી હતી તેમજ માન્ય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબન સભા સંબોધતી વખતેને ચિત્રકાર ઋતિક સુથારે દૂરથી ચિત્ર દર્શાવી આનંદની લાગણી અનુભવીતિ અને માન્ય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબે શુભેચ્છાઓ પાઠવી હતી. વિશેષ આ કાર્યક્રમમાં સુંદર ફોટો સ્કેચ તૈયાર કરી લાવવા બદલ ચંદુભાઈ એટીડી (ચિત્રકાર..... રાજ્ય અને રાષ્ટ્રીય પારિતોષિક ચિત્ર શિક્ષક, ડીસા) કે જેઓએ ચિત્રકાર ઋતિક સુથારને પોતાના શૈક્ષણિક ચિત્રકલા વ્યવસાયમાં ખૂબ આગળ વધી ઉમદા કાર્ય કરો તેવી શુભેચ્છાઓ પાઠવી હતી તેમજ સભાની અંદર આવેલા પરિવારોએ પણ આ ચિત્ર જોઈને ખૂબ જ શુભેચ્છાઓ પાઠવી હતી વિનોદ બાંડીવાળા

# પાલનપુરમાં ભાજપના ઉમેદવારનો ભવ્ય રોડ શો યોજાયો

પાલનપુર

બનાસકાંઠા લોકસભા બેઠકના ભાજપના ઉમેદવારનો પાલનપુર શહેરમાં રોડ શો યોજાયો હતો .જેમાં મોટી સંખ્યામાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો અને હોદ્દેદારો જોડાયા હતા જેમાં ઠેર ઠેર ભાજપના ઉમેદવારનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

બનાસકાંઠા જિલ્લામાં લોકસભાની ચૂંટણીના પ્રચાર અંતિમ ચરણોમાં ચાલી રહ્યો છે. ત્યારે ભારતીય જનતા પાર્ટીના બનાસકાંઠા બેઠકના ઉમેદવાર ડોક્ટર રેખાબેન ચૌધરીનો રોડ





શો પાલનપુર નવાગંજ ખાતેથી શરૂ થયો હતો. જેમાં ડીજેના તાલે મોટી સંખ્યામાં બાઈક ચાલકો રોડ શોમાં જોડાયા હતા. જેમાં નવાગંજથી નીકળી રોડ શો ગલબાકાકાની પ્રતિમા જોડે પહોંચી જ્યાં ગલબા કાકાની પૌત્રી ઉમેદવાર ડોક્ટર રેખાબેન ચૌધરીએ પોતાના દાદાજીની પ્રતિમા પર ફૂલો અર્પણ કરી આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ રેલી ગઠામણ, સંજય ચોક, દિલ્હીગેટ સીમલા ગેટ ,કીર્તિસ્તંભ,ગુરુનાનક ચોક થઈ બેચરપુરા, સુખબાગ રોડ,હનુમાન ટેકરી,એરોમા સર્કલ થી જલારામ વાડી ખાતે પૂર્ણ કરવામાં આવી હતી.જ્યાં રસ્તામાં આવતા તમામ રાજનેતાઓની પ્રતિમા પર ફુલ અર્પણ કરવામાં આવ્યા હતા. આ રોડ શોમાં ભારતીય જનતા પાર્ટીના જિલ્લા પ્રમુખ કીર્તિસિંહ વાઘેલા, પાલનપુરના ધારાસભ્ય અનિકેતભાઈ ઠાકર, પૂર્વ ધારાસભ્ય મહેશભાઈ પટેલ, હરેશભાઈ ચૌધરી,ભાજપ યુવા પ્રમુખ સાગરભાઈ ચૌધર સહિત મોટી સંખ્યામાં ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારોને કાર્યકરો જોડાયા હતા.

### સૌથી વધુ મતદાન કરવા માટે મતદારોને જાગૃત કર્યા

## ડીસા ખાતે ભારત સરકારના કેન્દ્રીય સંચાર બ્યૂરો પાલનપુર દ્વારા મતદાતા જાગૃતિ કાર્યક્રમ યોજાયો




લોકસભાની સામાન્ય ચૂંટણીઓમાં જનભાગીદારી વધારવા તેમજ વધુમાં વધુ મતદારો પોતાનો કિંમતી મત આપી લોકશાહીને મજબૂત બનાવવા ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના કેન્દ્રિય સંચાર બ્યુરો, પાલનપુર દ્વારા બનાસકાંઠા જિલ્લામાં મતદાર જાગૃતિ અભિયાન સંદર્ભે ડીસા ખાતે મતદારો માટે ખાસ મતદાર જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.ડીસા ખાતે પ્રથમવાર મતદાન કરતા યુવા મતદારોને મત આપવા તેમજ અપાવવા ડી.એન. પી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે નાટ્ય પ્રસ્તુતિ, પ્રશ્નમંચ સ્પર્ધા, પત્રિકા વિતરણ તેમજ પ્રથમવાર મતદાન કરતા યુવા મતદારોના વીડિયો સંદેશ લેવામાં આવ્યા. સાથે મતદાર જાગૃતિ માટે વિશેષ જન જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવ્યા. ડીસાના શહેરી વિસ્તાર જેવા કે ફુવારા સર્કલ હવાઈ પિલર, જલારામ મંદિર તેમજ ધાનેરામાં બસ સ્ટેન્ડ, મોલ બજાર વગેરે વિસ્તારના રહીશો, વેપારી વર્ગ તેમજ કામદાર વર્ગના મતદારો માટે સાબરકાંઠા જિલ્લા યુવા પરિવારના કલાકારો દ્વારા મનોરંજક નાટ્ય પ્રસ્તુતિ, તેમજ મતદાન પ્રતિજ્ઞા, રેલી, પત્રિકા વિતરણ જેવી પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.કેન્દ્રીય સંચાર બ્યુરો, પાલનપુર દ્વારા મતદાન જાગૃતિ સંદર્ભે પ્રશ્નમંચ સ્પર્ધાના આયોજન દ્વારા મતદાન જાગૃતિ સંદેશ દરેક ઘર સુધી પહોંચે એ માટે ઉપસ્થિત યુવા મતદારોને ચૂંટણી સબંધી પ્રશ્ર્નો પૂછી સાચો જવાબ આપનારને યોગ્ય પુરસ્કાર આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત વિવિધ ઉંમરના મતદાતાઓ તેમજ ગામના નાગરિકોને ૧૦૦% મતદાન કરવા માટે પત્રિકા વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં મતદારોની સુવિધા માટે મતદાન પ્રક્રિયા વિશે જાણકારી આપવામાં આવી હતી.બનાસકાંઠામાં આયોજિત મતદાર જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત સોશ્યલ મીડિયા માધ્યમથી જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશ્યથી તમામ ઉંમરના મતદારોને મતદાન કરવા માટે પ્રેરિત કરતા પ્રતિભાવો વીડિયો સંદેશના માધ્યમ લેવામાં આવ્યા હતા. કાર્યક્રમ માટે ડી.એન.પી કોલેજના અધ્યાપકો તેમજ ટ્રસ્ટી મંડળ , ડીસા સ્થિત સ્વૈચ્છિક સંસ્થા ભારત વિકાસ પરિષદની મહાવિજય શાખાના હોદ્દેદારોના સહયોગ બદલ કાર્યક્રમના આયોજક કેન્દ્રીય સંચાર બ્યુરો, પાલનપુરના અધિકારી જે. ડી ચૌધરીએ આભાર વ્યક્ત કર્યો હતો.

## જીવદયા ફાઉન્ડેશન દ્વારા બાલારામ પાસે જંગલ વિસ્તારમાં કીડિયારું પુરવાનો પ્રોગ્રામ રાખે




તારીખ ૦૩.૦૫.૨૦૨૪ના રોજ પાલનપુર થી બાલારામ પાસે જંગલ વિસ્તારમાં.જીવ દયા ફાઉન્ડેશન દ્વારા આઈ પી મહેશ્વરી સાહેબ.ના સહયોગથી કીડી માટે કીડિયારું પુરવામાં આવ્યું લીલો નારીયેલ અને સૂકા નારિયેળ લઈ તેમાં હોલ કરીને મકાઇ.બાજરી કાળા તલ ચોખા.ગોળ ખાંડ દેશીધી. થી મિક્સ વાળો લોટ બાંધી નારીયલ માં ભરીને કીડી માટે કીડિયારું બનાવવામાં આવે છે

કીડીઓ માટે ૨૦ કિલો મિક્સ લોટ જંગલ વિસ્તારમાં નાખવામાં આવ્યું અને કીડીને કીડીયારું પુરવા થી કરજ ઓછું થાય છે નારીયેલના કીડિયારું ના કારણે કીડી ને રોટી અને મકાન બંને મળી રહે છે બાદમાં વૃક્ષ નીચે બખોલમાં મુકતા કીડી ઓ તેની અંદરથી ખોરાક લે છે પણ ચોમાસામાં વરસાદથી બચવા આશરો પણ લે છે વ્યક્તિને ભોજન આપી એ તો તે અંદરથી આપણને આશીર્વાદ આપે છે તો તેવી રીતે જકીડીયારું ને કણ નાખવામાં આવે તો તે પણ આપણે ને આશીર્વાદ આપે છે આપણી દરેક મુશ્કેલીમાં એ આશીર્વાદ આપણને બચાવે છે પરંતુ કીડીઓરને કણ નાખવા લઈને એવું પણ કહેવામાં આવે જે લોકો કીડિયારું પુરતા હોય છે તેમને મૃત્યુ પછી પણ સ્વર્ગ મળે છે જીવ દયા ફાઉન્ડેશન દ્વારા સહયોગથી કિડિયારું પુરવામાં આવ્યું આ સેવા કાર્યમાં જીવ દયા પ્રેમી ઠાકોર દાસ ખત્રી. અભય રાણા . રાજા પોપલાણી. પરાગભાઈ સ્વામી . અને સેવાભાઈ મિત્રો સેવા કાર્યમાં સહયોગી બન્યા

## લાયન્સ ડિસ્ટ્રિક્ટ : 3232-B1 તેમજ લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ બ્રિલિયન્સ પરિવાર દ્વારા રક્તદા, મેડિકલ ચેક-અપ કેમ્પ યોજાયો

લાયન્સ ડિસ્ટ્રિક્ટ : ૩૨૩૨-મ્૧ તેમજ લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ બ્રિલિયન્સ પરિવાર દ્વારા શિવાનંદ આશ્રમ, સેટેલાઈટ ખાતે શિવાનંદ આશ્રમના સ્વામીજી અધ્યાત્મનંદજીની પુણ્યતિથિ નિમિત્તે રકતદાન કેમ્પ,મેડિકલ ચેક-અપ કેમ્પ,ડેન્ટલ તેમજ આઈ ચેક-અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.આ સેવાકિય દિવસે આશરે ૧૧૫થી પણ વધુ લોકોએ બોડી ચેક-અપ કરાવ્યું હતું જયારે ૩૮ લોકોએ રક્તદાન કર્યું હતું. તદુપરાંત ડેન્ટલ તેમજ આઈ ચેક-અપમાં પણ મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. આજ રોજ યોગ શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વહેલી સવારમાં મોટી સંખ્યામાં લોકોએ યોગ કર્યા હતા.આ કાર્યક્રમમાં લાયન્સ કલબનાં ડિસ્ટ્રિક્ટ ગવર્નર ભાવનાબેન ત્રિવેદી, પાસ્ટ ડિસ્ટ્રિક્ટ ગવર્નર દિપકભાઈ ત્રિવેદી, કેબિનેટ ટ્રેઝરર નિશાબેન ત્રિવેદી, કલબના પૂર્વ પ્રમુખ મિનાક્ષીબેન પટેલ, કલબ પ્રમુખ બલદેવભાઈ પટેલ, અશેષભાઈ, શીલાબેન દરબાર તેમજ મોટી સંખ્યામાં કલબનાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.



### લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪

## "આવો સૌ સાથે મળીને મતદાન કરીએ, દેશનું સૌથી મોટું મહાપર્વ ઉજવીએ"

માહિતી બ્યુરો, પાટણ

પાટણ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી અરવિંદ વિજયન, જિલ્લા વિકાસ અધિકારીશ્રીબી.એમ.પ્રજાપતિ, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અશોકભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪અંતર્ગત વધુમાં વધુ મતદાન થાય તેમજ મતદાનની ટકાવારી વધે તે હેતુસર મતદાન જાગૃતિ અભિયાન ચાલી રહ્યું છે. ત્યારેજિલ્લા શિક્ષણાધિકારી કચેરીએ મતદાન જાગૃતિ અભિયાનમાં સહભાગી બનીને અચૂક મતદાન કરવાનો સંદેશો આપતીફોટો ફ્રેમને સોશિયલ મીડિયામાં પોસ્ટ કરવાનો અનુરોધ કર્યો છે.જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા મતદાન અંગે જાગૃતિ ફેલાવવા માટે ફોટોફ્રેમ બનાવવામાં આવી છે.વોટ્સએપ સ્ટેટસ, કફ્રષ્ઠીર્હ્વા ડી.પી, કફ્રષ્ઠીર્હ્વા લાઈવ, ઈન્સ્ટાગ્રામ, ટ્વીટર વગેરે માધ્યમ દ્વારા મતદાર જાગૃતિનોખૂબ જ બહોળા સ્વરૂપે પ્રચાર પ્રસાર કરવામાં આવે તેવી શિક્ષણાધિકારીની કચેરી દ્વારા અપીલ

OWNER, PUBLISHER, PRINTER, EDITOR : PRAJAPATI PRAVINBHAI RAMCHANDBHAI PRINTING PRESS : JAY MAHAKALI MULTI COLOUR OFFSET PRINTING PRESS, SHIVKUNJ BUILDING, B/H : INDIAN GAS OFFICE, DHUNDHIYAVADI, PALANPUR-385001 GUJARAT. PUBLISHED FROM: AT-DEV PAVAN STUDIO, OLD TELEPHONE EXG. NR. MATAJI ABAV AXIS BANK ATM PALANPUR, DIST-BANASKANTHA, GUJARAT-385001
Year : 04 ISSUE :07